સેવાલીયા પો.સ્ટે. બી–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૭૨૫૦૫૧૦/૨૦૨૫

આરોપી: **(૧)શાબેરાબીબી રબ્બાનીભાઈ કુરેશી, ઉ.વ.૫૦**
**(૨)રજીયાબાનુ અજરૂદીન ઉર્ફે અજર કુરેશી, ઉ.વ.૨૯**
**(૩)જૈતુનબીબી ઉસ્માનભાઈ કુરેશી, ઉ.વ.૬૦**

ગુન્હો: ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ ની કલમ–૫(૧), ૫(૧–ક) તથા ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા એમેન્ડ બિલ, ૨૦૧૭ ની કલમ–૮(૨) તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ–૧૧(૧)(એલ) તથા જી.પી.એકટની કલમ–૧૧૯ મુજબ.

## <u>જામીન અરજી લગત હુકમ</u>

૧. જામીન અરજી તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. આરોપીના વિ.વ.શ્રી તથા ત.ક.અમલદારને સાંભળ્યા.

૨. આરોપી તરફથી હાલની જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ નીચે રજુ કરેલ છે અને આરોપીના વિ.વ.શ્રી તરફથી એવી રજુઆત કરવામાં આવેલી છે કે, હાલના આરોપી બાઈ માણસ છે અને તેઓ ગુના અંગે કાંઈ જાણતા નથી અને તેઓને આ ગુનામાં ખોટી રીતે સંડોવવામાં આવેલા છે અને તેઓ નિર્દોષ છે. આરોપી ગળતેશ્વર તાલુકાના સ્થાનિક રહેવાસી છે અને આરોપી કયાંય નાસી ભાગી જાય તેવા નથી. આરોપી દર મુદ્દતે નામદાર કોર્ટમાં હાજર રહેશે તેમજ રજુ જામીન અરજીમાં જણાવેલ હકીકતો ધ્યાને લઈ આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

૩. ફરીયાદપક્ષ તરફે ભારપૂર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, હાલના આરોપીએ યોગ્ય સત્તાધિકારીના પાસ પરમીટ વગર ગેરકાયદેસર નિર્દિષ્ટ કરેલ જગ્યા સિવાય રહેણાંક મકાનના વાડામાં ગૌવંશ કટીંગ કરી ગૌવંશ માંસ બળદ તથા ગૌમાંસના ચામડા સાથે મળી આવી ગંભીર પ્રકારના ગુનામાં પ્રથમદર્શનીય રીતે સંડોવણી જણાઈ આવેલ છે. આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. ગુનાની તપાસ ખુબ જ નાજુક તબકકામાં છે. આ પ્રકારના ગુનાનું પ્રમાણ હાલ ખુબ વધી ગયેલ છે તેમજ ૨૦૧૭ ના સુધારાથી સરકાર ધ્વારા આ પ્રકારના ગુનામાં સજાની જોગવાઈમાં વધારો કરેલ છે. જેથી હાલના કેસના સંજોગો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૪. આ કામે જામીન અરજીની હકીકત, ફરીયાદ હકીકત તેમજ રજુ થયેલ કેસ પેપર્સ અને બંને પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લેતા આ તબકકે પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેતુ નથી પણ પ્રથમદર્શનીય હકીકતો ધ્યાને લેવામાં આવે તો આરોપીને સદર ગુનાના કામે અટક કરવામાં આવેલ છે અને આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુનો એ સેશન્સ ટ્રાયબલ ગુનો છે અને સદર કેસ ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટને છે. આ કામે પોલીસ ધ્વારા અન્ય ૩ આરોપીઓની પોલીસ કસ્ટડી માંગતા તે ત્રણેય આરોપીઓને પોલીસ કસ્ટડીમાં સોંપી દીધેલ છે જયારે હાલના આરોપીની પોલીસ કસ્ટડી પોલીસ ધ્વારા માંગવામાં આવેલ નથી, જેથી હાલના આરોપીને જયુડીશિયલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે. વધુમાં હાલ તપાસ નાજુક તબકકામાં છે. હાલના ગુનાના અન્ય આરોપીઓને પોલીસ કસ્ટડીમાં સોંપેલ હોય તો જો હાલના આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તપાસને નુકશાન થાય તેમ છે તેમજ ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા થવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી. હાલના આરોપી સામેના આક્ષેપિત ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા થવાની શકયતા ધ્યાને લેતા હાલની જામીન અરજી મંજુર કરવી યોગ્ય જણાતી ન હોય આ જામીન અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**//હુકમ//**

– હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

તા.૧૨/૦૩/૨૦૨૬ (ડી.જી.વાઘેલા)
સેવાલીયા જયુડી.મેજી.ફ.ક., સેવાલીયા
જી.જે.૦૧૪૪૪